રાજ્યમાં જંત્રીના મામલે બિલ્ડરોનો અસંતોષ

મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવશે : જંત્રીના વધારાનો વિરોધ : એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને અસર ન થાય એ રીતે જંત્રી લાગુ કરવા રજૂઆત કરશે

અમદાવાદ, તા.૫

ગુજરાત સરકારે રાતોરાત જંત્રીના ભાવ ડબલ કરી દેતા રાજ્યભરના બિલ્ડરો અકળાયા છે. જંત્રી વધારા બાદ રાજ્યના ડેવલપરનું પ્રતિનિધિ મંડળ આવતીકાલે મુખ્યમંત્રીને મળશે. આવતીકાલે સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી સાથે બેઠક કરશે. અમદાવાદ ક્રેડાઈ સહિત ૪૦ સીટી ચેપટર ના પ્રતિનિધિઓ મુલાકાત માટે જશે. નવી જંત્રી ૧ મે થી લાગુ કરવા ડેવલપર દ્વારા સરકારને માંગ કરવામા આવશે. સાથે જ જંત્રીમાં રહેલ વિસંગતતાઓ દૂર કરવા પણ માંગ કરાઈ છે. આ ઉપરાંત એફોર્ડેબલ હાઉસિંગ સેક્ટરને અસર ના થાય એ રીતે જંત્રી લાગુ કરવા રજૂઆત કરાશે.

રાજ્ય સરકારે જંત્રીના ભાવ બમણા કરતા બિલ્ડરો મૂંઝવણમાં મુકાયા હતા. આજે ગુજરાત ક્રેડાઈ દ્વારા વીડિયો કોન્ફરન્સથી બેઠક બોલાવાઈ હતી. ક્રેડાઈના ઉપ પ્રમુખ સુજીત ઉદાણીએ કહ્યું કે, સરકારે જંત્રીના ભાવમાં વધારો કર્યો તેનો વાંધો નથી, પરંતુ રાતો રાત વધારો ઝીંકી દેવામાં આવ્યો તેની સામે વાંધો છે. જંત્રીમાં ભાવ વધારા પહેલા સર્વે કરવો જોઈએ. બિલ્ડરો અને લોકોને સમય મર્યાદા આપવી જોઈએ. તાત્કાલિક જંત્રીના ભાવ ડબલ કરતા બિલ્ડરો અને મિલકત ખરીદનારા લોકોને મુશ્કેલી થશે. બિલ્ડરોને કરોડો રૂપિયાના પ્રોજેક્ટોમાં નુકસાની વેઠવી પડશે. જંત્રીના ભાવ વધતા અનેક દસ્તાવેજો અને આર્થિક વ્યવહારો અટક્યા છે. તેથી બિલ્ડર એસોસિએશન રાજ્ય સરકારમાં રજૂઆત કરશે.

રાતો રાત જંત્રીભાવ વધારો થતા સુરત ક્રેડાઈ બિલ્ડર એસોસિયેશન દ્વારા મીટિંગ કરવામા આવી હતી. સુરત ક્રેડાઈના ચેરમેન રાવજીભાઈ પટેલ દ્વારા જણાવાયું કે, સુરતના બિલ્ડરો વિરોધ દર્શાવાયો છે. બિલ્ડરો દ્વારા આવતીકાલે ગાંધીનગર ઝસ ને રજૂઆત કરવા જશે. મિટિંગમાં બિલ્ડરો વિરોધ જાહેર કર્યો છે. જો સરકાર કોઈ હકારાત્મક નિર્ણય નહીં લેવાય તો ગુજરાતમાં વિરોધ થશે.

જંત્રીમાં વધારાથી પ્રજાને શું ઝટકો ?

- બિલ્ડરોને જમીનની પડતર કિંમત પર વધુ સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડશે...
- પ્રોજેક્ટ કોસ્ટમાં વધારો થશે...
- દસ્તાવેજની કિંમતમાં પણ વધારો થશે...
- શહેરમાં પ્રોપર્ટી ટેક્સમાં ૩૦થી ૫૦ ટકાનો વધારો થશે...
- લોકો માટે હવે ઘર ખરીદવું મુશ્કેલ બનશે...
- એફોર્ડેબલ મકાનના ભાવમાં વધારો થશે...

સરકારે વધારેલી જંત્રી પરત લેવા કોંગ્રસે માંગ કરી છે. કોંગ્રેસના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટ જીતુ પટેલે કહ્યું કે, વિજયના ઉન્માદમાં સત્તાના મદમાં લીધેલો પ્રજા વિરોધી નિર્ણય છે. આ સરકાર પ્રજા વિરોધી છે, પ્રજાને ઘરવિહોણા બનાવવાનો કારસો છે. આ ખર્ચ બિલ્ડર પર નહી પ્રજા પર જશે. લોકોના ખિસ્સામાંથી ૩૧ હજાર કરોડ સેરવી લેવાનો કારસો છે. સ્ટેમ્પ ડ્યુટી ડબલ થશે. કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હિંમતસિંહ પટેલે કહ્યું કે, જંત્રીનો બે થી પાંચ ટકાનો ભાવ વધારો યોગ્ય બમણી જંત્રી ન હોવી જોઈએ. સમગ્ર ગુજરાતની પ્રજા પર આર્થિક ભારણ નાંખનારો મુદ્દો છે. સિમેન્ટ અને સ્ટીલના ભાવ વધારા બાદ જંત્રીનો ભાવ વધારો પડતા પર પાટુ મારવા સમાન છે. નવી જંત્રીની સૌથી મોટી અસર ઘરનું ઘર લેવા ઈચ્છતા સામાન્ય વ્યક્તિઓનું સપનું રોળાશે. કોંગ્રેસ વિધાનસભામાં અને રસ્તા પર ઉતરી વિરોધ કરશે.

નડિયાદના સંતરામ મંદિરમાં સાકરવર્ષા

સંતો સહિત દેશ-વિદેશના ભક્તોએ કરી ઉજવણી

ખેડા, તા.૫

નડિયાદમાં સંતરામ મંદિરમાં શ્રી સંતરામ મહારાજનો ૧૯૨મો સમાધી મહોત્સવ ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક ઉજવાઈ રહ્યો છે.

સંતરામ મંદિરમાં સાકર વર્ષાની ઉજવણી કરવામાં આવી છે. ૧૯૨ વર્ષ પહેલા સંતરામ મહારાજે લીધેલી સમાધિની યાદમાં સાકર વર્ષાની પરંપરા આજે પણ યથાવત છે. આ પ્રસંગે ૨૦૦થી વધુ સંતો સહિત દેશ-વિદેશના ભક્તોએ ઉજવણી કરી છે.

મંદિરની પરંપરાના ભાગરૂપે દર વર્ષે માહપૂર્ણિમાના અવસરે દિવ્ય સાકરવર્ષા પ્રતિકરૂપ કરવામાં આવે છે. મહાસુદ પૂનમે મંદિરના પરિસરમાં ઢળતી સંધ્યાએ પૂ. મહારાજના હસ્તે ઉતારવામાં આવતી દિવ્ય મહાઆરતીના દર્શન કરવા શહેર સહિત સમગ્ર જિલ્લાના ભાવિક ભક્તજનો ઉમટી પડે છે. આરતી બાદ 'જય મહારાજ'ના ગગનભેદી નાદ સાથે મહારાજશ્રી તથા અન્ય શાખા મંદિરના મહંતોના હસ્તે દિવ્ય સાકરવર્ષા મહોત્સવ ઉજવાય છે.

મહાપૂર્ણિમાના દિવસે વહેલી સવારે ૪.૩૦ કલાકે ધ્યાન, તિલક દર્શન ૪.૪૫ કલાકે બાદ મંગળા દર્શન સવારે ૫.૪૫ કલાકે અને સાંજે ૬ વાગ્યે દિવ્ય સાકરવર્ષા કરવામાં આવી. દિવ્ય અખંડ જ્યોત અને પાદુકાના દર્શન સવારે ૫.૪૫ થી રાત્રે ૮ વાગ્યા સુધી કરી શકાશે. લગભગ ૧૫૦૦ કિલો સાકર અને ૨૫૦૦ કિલો કોપરાની ઉછામણી કરવામાં આવી.

૧૯૨ વર્ષ પહેલાં મહા પુનમના દિવસે સંતરામ મહારાજે જીવીત સમાધી લીધી હતી ત્યારે આકાશમાંથી દેવોએ પુષ્પ વર્ષા કરી હતી એવી લોકવાયીકા છે. જેથી ૧૯૨ વર્ષથી આ સાકર વર્ષાની પરંપરા ચાલે છે. જેનો પ્રસાદ ગ્રહણ કરવા લાખો ભક્તો ઉમટતા હોય છે. વર્ષ માં એક જ વાર અહીં મંદિરમાં મહાઆરતી કરવા માં આવે છે. જેમાં આશરે ૨૦૦ જેટલા સંતો દેશ-વિદેશથી આ સાકરવર્ષામાં આવે છે.

તો દેશ-વિદેશથી હજારો ભક્તો સાકરવર્ષામાં ભાગ લેવા માટે આવે છે. આ મહાઉત્સવમાં ૧૧૦૦ મણ સાકર અને ૩૦૦ મણ કોપરું ઉછાળવામાં આવે છે. આ પ્રસંગે ત્રિદિવસીય મહા મેળાનું આયોજન કરવામાં આવે છે. ૫ દિવસમાં લગભગ ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સંતરામ મંદિરના દર્શન કરવા આવતા હોય છે.

દક્ષિણ ગુજરાતના CNG પમ્પ ૨૪ કલાક માટે બંધ

સોમવારે ૪૦૦ જેટલા સીએનજી પંપ બંધ રહેશે : કમિશન મુદ્દે સરકારને વારંવાર રજુઆત છતાં કમિશન નહિ વધારતા તેના વિરોધમાં બંધ રાખવાનો નિર્ણય કરાયો

સુરત, તા.૫

ગુજરાતના CNG પંપ માલિકોની હડતાળને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. આવતીકાલે (૬ ફેબ્રુઆરી ૨૦૨૩) દક્ષિણ ગુજરાતના સીએનજી પંપ માલિકોની હડતાળ છે. કમિશન મુદ્દે ગુજરાત સરકાર સામે વિરોધમાં હળતાળ કરવામાં આવી રહી છે. આવતી કાલે દક્ષિણ ગુજરાતના ૪૦૦ જેટલા ઝહ્રય પમ્પ ૨૪ કલાક માટે બંધ રહેશે. કમિશન મુદ્દે સરકારને વારંવાર રજૂઆત કરવા છતાં કમિશન નહિ વધારતા તેના વિરોધમાં બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, ફેડરેશન આગામી ૩૦ જાન્યુયારીએ સરકાર અને ઓઈલ કંપનીમાં આ સમસ્યાના સમાધાન માટે રજૂઆત કરશે. જો આ મુદ્દે કોઈ સંતોષકારક જવાબ નહી મળે તો ફેડરેશન ગુજરાતના તમામ સીએનજી ડિલર્સની એક જનરલ મીટિંગ બોલાવશે અને સરકાર અને ઓઈલ કંપનીને સાત દિવસની નોટિસ આપીશે. તેમ છતાં જો કોઈ પગલાં નહીં લેવામાં આવે તો ગુજરાતના તમામ સીએનજી સ્ટેશનો અનિશ્ચિત સમય માટે બંધ કરવામાં આવશે તેમ ફેડરેશન દ્વારા જણાવવમાં આવ્યું હતું.

વેપારી પાસે ૧૦ લાખની ખંડણી માંગી જાનથી મારવાની ધમકી

ખંડણીખોરની ધરપકડ કરવામાં આવી : નારાયણસિંહ નામના કાપડના વેપારીને વોટ્સએપમાં એક ઓડિયો ક્લિપ રેકોર્ડ કરી ધમકી આપવામાં આવી

અમદાવાદ, તા.૫

કાપડના વેપારી પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માંગી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ખંડણીખોરની પોલીસે ધરપકડ કરી છે.

આરોપી થોડા દિવસ અગાઉ જેલમાંથી છૂટી બહાર આવ્યો હતો અને ફરી એક વખત ગંભીર ગુનાને અંજામ આપતા પોલીસે તેની ધરપકડ કરી વધુ સખત કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા નારાયણ સિંહ રોહિત નામના કાપડના વેપારીને સોશિયલ મીડિયાના મારફતે એટલે કે વોટ્સએપ માં એક ઓડિયો ક્લિપ રેકોર્ડ કરી ધમકી આપવામાં આવી હતી.આરોપી શાહ આલમ શેખે ધમકી આપી હતી કે, સાત દિવસમાં ૧૦ લાખ રૂપિયા આપો નહીં તો પરિવારને જાનથી મારી નાખીશ. જે ધમકી મળતા વેપારીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને ખંડણી ખોરવી ફરિયાદ નોંધાવી હતી.

કૃષ્ણનગર પોલીસને ધમકી આપતી ઓડિયો ક્લિપ મળતા આરોપી શાહ આલમ શેખ વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં આરોપી વટવા વિસ્તારથી મળી આવતા તેને ઝડપી લેવામાં આવ્યો.ઉપરાંત તેની તપાસ કરતા હકીકત સામે આવી કે તાજેતરમાં જ મણીનગરમાં હોટલના કર્મચારી પર હુમલો કરી લૂંટ ચલાવવાના ગુનામાં તેની ધરપકડ થઈ હતી. અને જેલમાંથી છૂટા બાદ તેને વેપારીને ધમકી આપી હતી.

પોલીસ તપાસમાં એ હકીકત પણ સામે આવી કે ફરિયાદી આરોપીના ભાઈ સાથે કાપડનો વેપાર કરતા હતા. પરંતુ આરોપીની વર્તણૂક અયોગ્ય હોવાથી તેની સાથે કોઈ વ્યવહાર ફરિયાદીએ કર્યો ન હતો. જેનો બદલો લેવા માટે ફરિયાદીને ધમકી આપી રૂપિયા પડાવવાની કોશિશ કરવામાં આવી. જેથી પોલીસે ખંડણી અને ધમકીની કલમો હેઠળ ગુનો નોધી ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

યાત્રાધામ ડાકોરમાં માઘ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી

સોનાની પિચકારીથી ભક્તો પર કેસુડાનો છંટકાવ કરાયો : મહાસુદ પૂર્ણિમા પર ઠાકોરજીએ ચતુર્ભુજ સ્વરૂપમાં શંખચક્ર, પદ્મ ગદા, રત્ન જડિત મુગટ ધારણ કર્યો હતો

ખેડા, તા.૫

જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે માઘ પૂર્ણિમા પર ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. આજે વહેલી સવારે ૦૫:૧૫ વાગ્યે મંગળા આરતીમાં આશરે ૫૦ હજારથી વધુ ભક્તોએ દર્શનનો લાભ લીધો છે. શણગાર આરતીમાં સોનાની પિચકારીથી ભક્તો ઉપર કેસુડાના પાનનો છંટકાવ કરાયો હતો. સપ્ત રંગોથી રાજા રણછોડ અને ભક્તો વચ્ચે રંગોનો છંટકાવ થતા ભક્તો નાચી ઉઠ્યા હતા.

સમગ્ર મંદિર પરિસરમાં "ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે" ના ગગન ભેદી નારા ગુંજી ઉઠ્યા હતા. આજે મહાસુદ પૂર્ણિમા પર ઠાકોરજી એ ચતુર્ભુજ સ્વરૂપમાં શંખચક્ર, પદ્મ ગદા, રત્ન જડિત મુગટ ધારણ કર્યો હતો. આજે મહાસુદપૂર્ણિમાએ લાખો શ્રદ્ધાળુઓ રાજા રણછોડજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ખેડાના યાત્રાધામ ડાકોરમાં માઘ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી રહી છે અને માઘ પૂર્ણિમા પર ડાકોરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. મંગળા આરતીનો ૫૦ હજારથી વધુ ભક્તો લહાવો લીધો. શણગાર આરતીમાં સોનાની પિચકારીથી કેસુડાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

સપ્ત રંગોનો ભગવાન પર છંટકાવ કરી ઉજવણી કરાઈ. ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે ના નાદથી યાત્રાધામ ડાકોર ગુંજી ઉઠ્યું. મહાસુદ પૂર્ણિમા પર ઠાકોરજીએ ચતુર્ભુજ સ્વરૂપમાં શંખચક્ર, પદ્મ ગદા, રત્ન જડિત મુગટ ધારણ કર્યો. મહાસુદપૂર્ણિમાએ લાખો શ્રદ્ધાળુઓ રાજા રણછોડજીના દર્શન કરી ધન્યતા અનુભવી.

માઘ નક્ષત્રના નામ પરથી માઘ પૂર્ણિમાની ઉત્પત્તિ થઈ છે. એવું માનવામાં આવે છે કે માઘ મહિનામાં દેવતાઓ પૃથ્વી પર આવે છે અને માનવ સ્વરૂપ ધારણ કરે છે અને પ્રયાગરાજમાં સ્નાન, દાન અને જપ કરે છે. એટલા માટે કહેવાય છે કે આ દિવસે પ્રયાગરાજમાં ગંગામાં સ્નાન કરવાથી બધી મનોકામનાઓ પૂર્ણ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રો અનુસાર જો માઘ પૂર્ણિમાના દિવસે પુષ્ય નક્ષત્ર હોય તો આ તિથિનું મહત્વ વધુ વધી જાય છે.

માઘ પૂર્ણિમાના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં ગંગા સ્નાન કરવું જોઈએ. જો ગંગા સ્નાન શક્ય ન હોય તો તમે પાણીમાં ગંગાજળ ભેળવીને સ્નાન કરી શકો છો. સ્નાન કર્યા પછી "ઓમ નમો નારાયણ" મંત્રનો જાપ કરો. ત્યારબાદ સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરો અને સૂર્યદેવની પૂજા કરો અને જળમાં તલ અર્પિત કરો. તે પછી પૂજા શરૂ કરો અને ચરણામૃત, પાન, તલ, મોલી, રોલી, ફળ, ફૂલ, કુમકુમ, પંચગવ્ય, સોપારી, દુર્વા વગેરે ભોગ તરીકે ચઢાવો.

મહત્વનું છે કે, અંતમાં આરતી અને પ્રાર્થના કરો. ધનની દેવી માતા લક્ષ્મીની પૂજા પૂર્ણિમાના દિવસે કરવી જોઈએ. પૂર્ણિમાના દિવસે ચંદ્રને દાન, દાન અને અર્ઘ્ય આપવું જોઈએ. આ સાથે આ દિવસે ચંદ્રના સ્ત્રોતનો પણ પાઠ કરવો જોઈએ.

અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટને SEWA સ્મારકની મુલાકાત લીધી

અમદાવાદ, તા.૫

અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટન ગુજરાતની મુલાકાતે આવ્યા છે. તેઓએ સેલ્ફ-એમ્પ્લોઇડ વુમન્સ એસોસિએશન ના સ્થાપક ઈલાબેન ભટ્ટને શ્રદ્ધાંજલિ આપી હતી. અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી ક્લિન્ટને અમદાવાદ ખાતે SEWA સ્મારકની મુલાકાત કરી હતી. ત્યારબાદ લોકમાન્ય તિલક ગાર્ડન (વિક્ટોરિયા ગાર્ડન્સ)ની મુલાકાત લીધી હતી. ઈલાબહેન દ્વારા રોપવામાં આવેલા વડના વૃક્ષની મુલાકાત કરી હતી. સેવાની સ્થાપનાની ૫૦મી વર્ષગાંઠ ઉજવણી અને આગામી ૫૦ વર્ષનું આયોજન કરવા માટે ૧૨ એપ્રિલ ૨૦૨૨ ના રોજ વડના વૃક્ષ રોપણ કરાયું હતું.

ટોરેન્ટ ગ્રુપના યુએનએમ ફાઉન્ડેશન અને એએમસી દ્વારા ગાર્ડન તૈયાર કરાયું. હિલેરી ક્લિન્ટન ૧૯૯૫ અગાઉ અમદાવાદ આવ્યા હતા. ઈલાબહેન રોપેલા વડ વૃક્ષની હિલેરી ક્લિન્ટનએ મુલાકાત લીધી. આ પ્રસંગે મેયર કિરીટ પરમાર પણ સ્વાગત કરવા પહોંચ્યા હતા. સેવા સંસ્થાની બહેનો સાથે વાતચીત કરતા દરમિયાન હિલેરી ક્લિન્ટને જણાવ્યું કે મને સેવાની ૧૦૦મી વર્ષગાંઠે પણ અહીં આવવું ગમશે. મને ખબર નથી કે હું આવી શકીશ કે નહીં પણ હું મારી દીકરી અને પૌત્રીને અહીં આવવા જરૂર કહીશ.

ગેસ લીક થતાં લગ્નના જમણવારની મજા બગડી

૮૦૦ મહેમાનો ભૂખ્યા જ પાછા ફર્યા : વટવા જીઆઈડીસી નજીક આવેલા વિંઝોલમાં હાનિકારક ગેસ છોડાયો હતો

અમદાવાદ, તા.૫

લગ્નની મોજ માણવાને બદલે મહેમાનો હાનિકારક ધુમાડો શ્વાસમાં લઈને ગયા હતા. વિંઝોલમાં લગ્ન યોજાયા હતા જેમાં આઠસો મહેમાનોને આમંત્રણ અપાયું હતું. જોકે, મહેમાનોને ભૂખ્યા પેટે જ પરત ફરવું પડ્યું હતું. વટવા જીઆઈડીસી નજીક આવેલા આ વિસ્તારમાં હાનિકારક ગેસ નીકળતાં લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી હતી એવામાં જમવાનું તો શક્ય જ નહોતું. વિંઝોલમાં જાનીયા પેરના ટેકરામાં રહેતા મહેશ ભરવાડે જણાવ્યું કે, તેમના ભત્રીજા અંકિત ભરવાડના લગ્ન શનિવારે આયોજિત હતા.

"શુક્રવારે રાત્રે અમે અમારા મહેમાનો માટે સંગીત સંધ્યા અને જમણવારનું આયોજન કર્યું હતું. શુક્રવારે રાત્રે આઠ વાગ્યાની આસપાસ ગેસ અને ધુમાડાનો ગોટો થયો હતો.

ગેસ શ્વાસમાં જતાં કેટલાય લોકો તેમજ રસોઈયા પણ ખાંસવા લાગ્યા હતા. તેમને ઉબકા આવતા હતા અને તેમના આંખ તેમજ નાકમાં બળતરા થઈ રહી હતી", તેમ મહેશ ભરવાડે જણાવ્યું. તેમણે કહ્યું કે, જવાબદાર કંપની સામે પગલાં લેવા માટે ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડ ને રજૂઆત કરી છે.

જ્ઞાનસેતુ ડે સ્કૂલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરીક્ષા લેવામાં આવશે. ખાલી જગ્યાઓના આધારે પસંદગીની એક સમાન પ્રક્રિયા દ્વારા અનુગામી ધોરણમાં પ્રવેશપાત્ર બનશે. તાલુકાવાર મેરીટ યાદી બનશે અને મેરીટ આધારે પ્રવેશ અપાશે.

આ પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત કાઉન્સીલ ફોર એજ્યુકેશન સમગ્ર શિક્ષા સંભાળશે. આ માટેની ગર્વનીંગ કાઉન્સીલ સ્કૂલના સંચાલન માટે સચિવશ્રી (પ્રાથ. શિક્ષણ)ની અધ્યક્ષતામાં રચાશે. જેમાં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, જીએસએચએસઈબીના અધ્યક્ષ કમિશનરશ્રી સ્કૂલ્સ, નિયામકશ્રી પ્રા. શિક્ષણ, નિયામકશ્રી જીસીઆરટી વિભાગની તેમજ ત્રણ સ્વતંત્ર સભ્યોની બનેલી હશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે શ્રેષ્ઠ અભ્યાસક્રમ હશે. આ માટે જીએસએચએસઈબી દ્વારા વિવિધ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બોર્ડ અને નિષ્ણાતો સાથે પરામર્શ કરીને આ શાળા માટે વિશિષ્ટ અભ્યાસક્રમ, શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓ ધરાવતો અભ્યાસક્રમ વિકસાવવામાં આવશે. આ શાળાઓનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ૨૧મી સદીના કૌશલ્યો, હાયર ઓર્ડર થીકીંગ, પ્રોબ્લેમ સોલ્વીંગ કેપેસીટી, લર્નિંગ બાય ડુઈંગ, મૂલ્ય આધારિત શિક્ષણ, સ્થાનિક સંસ્કૃતિ અને વારસાની સમજ તેમજ અસરકારક સંવાદથી સજ્જ કરી બાળકોના વ્યક્તીત્વનો સર્વાંગી વિકાસ કરવાનો રહેશે.

આ શાળાઓના દરેક બાળકની પ્રગતિના સંપૂર્ણ ટ્રેકિંગ માટે જીએસએચએસઈબી દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની મદદથી બાળકોનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવશે. આ શાળાઓમાં ગુણવત્તાના ઉચ્ચ ધોરણોને સુનિશ્ચિત કરવા માટે આ શાળાઓનું સમયાંતરે ગુજરાત સ્કૂલ ક્વોલીટી એક્રેડિટેશન કાઉન્સીલ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.

સામાજિક ભાગીદારીથી આ સ્કૂલો શરૂ કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ૮મી ફેબ્રુઆરીના રોજ આ અંગે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

યોજના અમલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આ ગામોમાં ડ્રોપ ઈરીગેશન તેમજ સ્પ્રીકલરથી ખેતી થાય તે માટે ખેડૂતોને સમજૂત કરવા સહિતની કામગીરીની જવાબદારી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીને સોંપવામાં આવી છે તે ખેડૂતોને સિંચાઈની આ સુવિધા ઉપલબ્ધ કરાવશે.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૫૫ સ્થાનો પર પીઝોમીટર પણ બાંધવામાં આવશે અને તેના પર પણ વોટર લેવલના રીડીંગ માટેના મિટરો લગાવવામાં આવશે.

જિલ્લામાં દહેગામમાં ૨૨ સ્થાનો પર, ગાંધીનગરમાં ૧૧ સ્થાનો પર, કલોલમાં ૧૧ સ્થાનો પર, માણસામાં પણ ૧૧ સ્થાનો પર આ પીઝોમીટર લગાવવા માટેનુ બાંધકામ કરવામાં આવશે.

વૃક્ષોનું નિકંદન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટર-૨૧માં રીંગરોડને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. આંતરિક માર્ગને પણ પહોળા કરવામાં આવી રહ્યા છે. આ માર્ગોને પહોળા કરવા માટે લીલા વૃક્ષોનુ નિકંદન કાઢવામાં આવી રહ્યુ છે. ખૂબ મોટી સંખ્યામાં હરિયાળા વૃક્ષોનો ભોગ લેવાતો હોઈ વસાહતીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સતત કપાઈ રહેલા વૃક્ષોના કારણે શહેરની હરિયાળી ઓછી થઈ ગઈ છે.

નાગરિક બેંકના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિલેશ રમણલાલ પટેલ, દશરથભીખાભાઈ પટેલ, તેમજ જગદીશ ડાહ્યાલાલ પટેલે બેંકમાં હાલ કોઈપણ જાતની બેઠક ન યોજવા તેમજ નીતિ વિષયક બાબતો અંગે ઠરાવ ન કરવાના મામલે પણ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી જયારે આ મામલે અમદાવાદ બોર્ડ ઓફ નોમિનીઝે બેંકમાં કોઈપણ જાતની બેઠક નહીં બોલાવવા નિતી વિષયક નિર્ણયો નહીં કરવા તેમજ અન્ય કોઈપણ ઠરાવ કરવા નહીં તે મુદ્દે તા ૮ ફેબ્રુઆરી સુધી મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. જયારે આ કેસના પ્રતિવાદીઓને વાદી કક્ષાએથી રજુ થયેલા દાવા સંદર્ભે મનાઈ હુકમ કાયમ કેમ ન કરવો તેના કારણો દર્શાવવા અને મનાઈ અરજીનો તા ૮ ફેબ્રુઆરીના રોજ જવાબ રજુ કરવા માટે પણ કારણદર્શન નોટીસ આપવામાં આવી છે.

પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડાયરેક્ટર ભારતીયોને બનાવવામાં આવ્યા હતા. આ એપ્સ આર્થિક રીતે પરેશાન લોકોને દેવાની જાળમાં ફસાવતા હતા અને પછી લોનનું વ્યાજ ૩,૦૦૦ ટકા સુધી વધારી દેવામાં આવતું હતું. ઉલ્લેખનીય છે કે ઈનપુટ્સના આધારે, ગૃહ મંત્રાલયે લગભગ ૬ મહિના પહેલા લોન આપતી ૨૮ ચીની એપ્સનું વિશ્લેષણ કરવાનું શરૂ કર્યું હતું. ત્યારે સામે આવ્યું કે આવી ૯૪ એપ્સ છે જે લોન આપે છે. આમાંથી કેટલીક એપ્સ ઈ-સ્ટોર્સ પર ઉપલબ્ધ હતી અને કેટલીક થર્ડ પાર્ટી લિંક્સ દ્વારા કામ કરતી હતી.

હોળી ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય છે. રાજ્ય સરકારના કર્મચારીઓનું ડીએ ત્યાંની સરકાર પોતાના સ્તર પ્રમાણે વધારે છે. ગત વર્ષે મોંઘવારી બહુ જ વધી જવાના કારણે ગુજરાત સહિત મધ્યપ્રદેશ અને ઘણા રાજ્યોએ તેના કર્મચારીઓના ડીએમાં વધારો કર્યો હતો. સાથે જ કેન્દ્રએ પણ આમાં વધારો કરતા કર્મચારીઓને ખુશખબરી આપી હતી. કેન્દ્ર સરકારે ૨૦૨૦ની શરૂઆતમાં મોંઘવારી ભથ્થા પર રોક લગાવી હતી. જ્યારે આ રોક હટી તો ૨૮ ટકાના હિસાબથી મોંઘવારી ભથ્થું આપવામાં આવ્યું.

ડોડામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦-૬૦ મકાનોમાં રહેતા લોકો ગુરુવારની અડધી રાત્રી બાદ ડરી ગયેલા છે. ગામમાં મોટુ ભૂસ્ખલન થવાથી કેટલાંક મકાનો તૂટી પડ્યા છે. તંત્રએ ૧૦૦થી પણ વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દીધા છે. તમામ પ્રભાવિત મકાનોને ખાલી કરાવી દેવામાં આવ્યા છે. બે ડઝનથી પણ પાકા મકાનોમાં તિરાડો પડવાનું કારણ જાણવા માટે ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણના વિશેષજ્ઞોની એક ટીમ ડોડામાં પહોંચી છે. GSIના વિશેષજ્ઞોએ ઠઠરી જિલ્લામાં પ્રભાવિત નવી બસ્તી ગામમાં ૧૯ રહેણાંક મકાનો, એક મસ્જિદ અને છોકરીઓની એક ધાર્મિક સ્કૂલમાં તિરાડનું કારણ જાણ્યું છે. ૧૯ પરિવારોના ૧૦૦થી પણ વધુ સભ્યોના ઘરોમાં તિરાડ પડવાથી તેઓને તરત જ ત્યાંથી સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે.

ટૂરિસ્ટ ટ્રેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પેન્ટ્રી કાર અને બે રેલ રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. જેમાં એક સાથે ૧૫૬ પ્રવાસીઓ માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતના મુખ્ય યાત્રાધામો અને હેરિટેજ સ્થળો એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચાંપાનેર, સોમનાથ, દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકા, અમદાવાદ, મોઢેરા અને પાટણ પ્રવાસના મુખ્ય આકર્ષણો હશે. પ્રવાસીઓ આ ટૂરિસ્ટ ટ્રેનમાં ગુરુગ્રામ, રેવાડી, રિંગાસ, ફુલેરા અને અજમેર રેલ્વે સ્ટેશનો પર પણ આ પ્રવાસી ટ્રેનમાં બોર્ડ/ડીબોર્ડ કરી શકે છે. ગ્રાહકોની સુવિધા માટે, IRCTC એ પેમેન્ટ ગેટવેની સાથે ગ્રાહકોને EMI ચુકવણીનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. અગાઉ આવી જ ટ્રેન ભારત દર્શન ટ્રેનના નામથી ચાલતી હતી. તેનું ભાડું સ્લીપર ક્લાસમાં પેસેન્જર માટે ૯૦૦ રૂપિયા પ્રતિ દિવસ અને થર્ડ-એસીમાં ૧૫૦૦ રૂપિયા પ્રતિ દિવસ હતું. પરંતુ આ ટ્રેન એપ્રિલ ૨૦૨૨માં બંધ કરી દેવામાં આવી હતી.